સમરી કેસ નં.૮૯૭/૨૦૨૫

**// આંક–૧ નીચે હુકમ //**

(૧) સદર સમરી આજરોજ નેશનલ લોક અદાલતમાં હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) સદર કામે જી.યુ.વી.એન.એલ., ગોધરા તરફથી આરોપી વિરુધ્ધ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)(એ) મુજબના ગુના સબબ **જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. ગોધરા ફર્સ્ટ ગુના રજી.નં.૨૧૨૧/૨૦૨૧** થી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

(૩) રેકર્ડ ધ્યાને લેતા આરોપીએ પુરવણી બીલની રકમ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ ભરપાઈ કરી દેતાં **મ.ગુ.વિ.કં.લી. ઝાલોદ સબ. ડી. વિભાગીય કચેરીના** નાયબ ઈજનેરશ્રી (સ.અનેનિ.) તરફથી પી.આઈ.શ્રી જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. ગોધરાને પત્ર પાઠવી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૫૨ ની જોગવાઈઓનું પાલન થયેલ હોઈ પોતે ફરીયાદ માંડી વાળતા હોઈ અને આગળ ચલાવવા માંગતા ન હોય ગુનાની કાર્યવાહી બંધ કરવા રજુઆત કરેલ છે. જે પત્ર આધારે પી.એસ.આઈ.શ્રી જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. ગોધરા તરફથી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૫૨ મુજબ ગુનો માંડવાળ કરવા અને કેસના કાગળો દફતરે કરવા હાલની સમરી ભરેલ છે.

(૪) સરકારી વકીલશ્રી દાહોદ તરફથી આંક–૨ ની પુરસીસ રજુ કરી તેમાં જણાવેલ કારણોસર સદર લોકઅદાલતમાં સમરી મંજુર કરવા જણાવેલ છે.

(૫) વીજ ચોરીની રકમ કમ્પાઉન્ડ ચાર્જ સાથે ભરપાઈ થઈ ગયેલ હોય ત્યારે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૫૨ મુજબ આવા કેસો કમ્પાઉન્ડ થઈ શકે છે. જેથી આરોપી વિરુધ્ધ કાર્યવાહી આગળ ચલાવવી જરુરી નથી અને સદર કાયદાની કલમ ૧૫૨(૩) હેઠળ જયારે ફરીયાદપક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ન હોય તો હાલના કેસમાં કોગ્નીઝન્સ લેવાની જરૂરીયાત ન હોઈ માંડવાળ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૩મી માહે ડીસેમ્બર સને ૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૩/૧૨/૨૦૨૫

સ્થળ : દાહોદ.

**(સંદીપસિંહ જી.ડોડીયા )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
દાહોદ
જજ કોડ **GJ00902**